ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૧૯ ટકા

# શહેરના બગીચાઓ વેકેશનમાં મુલાકાતીઓથી ઉભરાયા






ગાંધીનગર, તા.૧૩

શહેરના બગીચાઓને થોડા સમય પહેલા જ રીડેવલપ કરવામાં આવ્યા છે અને વેકેશનનો માહોલ પણ હાલના દિવસોમાં ચાલી રહ્યો છે ત્યારે બાળકો અને પરિવારો માટે બગીચાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ખાસ કરીને સરિતા ઉદ્યાન અને સે-૨૮નો ગાર્ડન જે થોડા સમય પહેલા જ રીનોવેટ થયા છે ત્યાં નાના-મોટાઓ સાથે પરિવારજનો મીની પીકનીક મનાવવા મુલાકાત લઈ રહ્યા છે. ઈલેકટ્રીક રાઈડસ તો હવે સે-૨૮ ગાર્ડનમાં નથી પણ બંને ગાર્ડનમાં નાના મોટા રમવાના સાધનો ઉપલબ્ધ છે.

શહેરમાં વેકેશનનો માહોલ છે. સાથે સાથે નાનાથી લઈ મોટા દરેક આ ગરમીથી ત્રસ્ત છે. ઠંડક મેળવવા માટે અને બાળકોને મજા પડે તે માટે પરિવારજનો શહેરના ગાર્ડનમાં જઈ રહ્યા છે. ગાંધીનગરની આસપાસના વિસ્તાર તથા રજાના દિવસોમાં અમદાવાદ અને ત્યાંની આસપાસના વિસ્તારોમાંથી નાના-મૌટા સૌ શહેર સ્થિત સરિતા ઉદ્યાન અને સે-૨૮ ગાર્ડનની મુલાકાત લે છે. અમુક તો સવારથી જ પરિવાર સાથે આવી સાંજ સુધી અહીં સમય પસાર કરે છે. મુલાકાતીઓના કહ્યા મુજબ શહેરના બગીચાઓમાં ઠંડકનો અનુભવ થાય છે. ઘાસમાં પધ્ધતિસર પાણીનો છંટકાવ થતો રહેતો હોવાથી અને વૃક્ષોની છાયા હોવાથી અહીં આવીને સમય પસાર કરવાની મજા આવે છે. સાથે સાથે બાળકોને ખુલ્લી જગ્યા મળી જાય છે અને એમની રીતે તેઓ રમે રાખે છે.

# સે-૩/૬ના ક્રોસ રોડ નજીક કચરાના ઢગ ખડકાયા

## તંત્ર દ્વારા સમયસર સફાઈ ના થતી હોવાથી કચરો વધતો જાય છે



ગાંધીનગર, તા.૧૩

શહેરમાં એક તરફ સ્માર્ટ સીટીની વાતો કરવામાં આવે છે અને દેશભરમાં હાલ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિના વર્ષની ઉજવણી પણ સ્વચ્છતા અભિયાન થકી ઉજવાઈ રહી છે પરંતુ હજુ પણ પાટનગરમાં અનેક જાહેરસ્થળોએ કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. સેકટર-૩માંથી સેકટર-૬ તરફ જવાના માર્ગે રોડ સાઈડમાં જમા થયેલો કચરો આ વાતની સાક્ષી પૂરે છે.

સ્વચ્છતા અંગે જનજાગૃતિ આણવા સરકાર દ્વારા અબજો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે પરંતુ પ્રજાના માનસમાં હજુ પણ સ્વચ્છતા બાબતે જોઈએ તેટલી જાગૃતિ જોવા મળતી નથી. જો કે સરકાર દ્વારા આટ આટલા ખર્ચા કરવામાં આવે છે પરંતુ જાહેર સ્થળોએ સ્વચ્છતા માટેની જેની જવાબદારી છે તે તંત્ર દ્વારા પણ અક્ષમ્ય બેદરકારી જોવા મળે છે અને તેના કારણે શહેરમાં અનેક સ્થળે કચરાના ઢગ અને ગંદકીના થર ખડકાતા હોય છે. આશ્ચર્યની સાથે ચિંતાજનક બાબત તો એવી પણ છે કે જાહેર સ્થળોએ કચરાના ઢગમાં પ્લાસ્ટિકનો કચરો ખૂબ મોટા પ્રમાણમાં ખડકાયેલો હોય છે. વળી, પ્રજાજનો દ્વારા પણ આવા કચરાના ઢગ અંગે તંત્રને ફરિયાદ કરવાને બદલે તેનો ઉપયોગ મીની ડમ્પીંગ સાઈટની જેમ ઉપયોગ કરવા લાગે છે અને કચરામાં વધારો કરવા લાગે છે. જો તંત્ર દ્વારા જાહેર સ્થળોએ કચરાના ઢગ દૂર કરવામાં આવે તો પ્રજાજનોને પણ સ્વચ્છતા જાળવવાની પ્રેરણા મળશે.

# સે-૪-બીમાં કોમન પ્લોટમાંથી નડતરરૂપ વૃક્ષનું થડ હટાવવા માંગ



ગાંધીનગર, તા.૧૩

શહેરમાં સુકા અને જોખમી વૃક્ષોને કાપીને દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન વૃક્ષને કાપ્યા પછી તેનું થડ જમીનમાંથી કાઢીને હટાવવાનું કામ સૌથી અઘરું હોય છે પરંતુ જો આ કામ સમયસર કરવામાં ના આવે તો શકય છે કે કપાયેલું થડ નડતરરૂપ બને અને તેની ઠોકર કોઈકના માટ ઈજા પહોંચાડનારી બની શકે છે. સેકટર-૪-બીમાં પ્લોટ નં. ૧૧૪૨/૧ સામે કોમન પ્લોટમાં કાપવામાં આવેલા એક ઝાડના થડને ઘણા સમયથી જેમનું તેમ રહેવા દેવાયું છે જેને કારણે વસાહતીઓને કોમન પ્લોટનો ઉપયોગ કરવામાં તો તકલીફ પડી રહી છે પરંતુ રાત્રીના અંધકારમાં આ થડને કારણે નાનો-મોટો અકસ્માત સર્જાવાનું અથવા રાહદારીને ઠોકર લાગવાનું જોખમ રહેલું છે જેથી તેને સત્વરે હટાવાય તેવી આ વિસ્તારના નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.

# જિલ્લાના ગામોમાં જ્ઞાતિઓ વચ્ચે સુમેળ સાધવા પોલીસને સૂચના

ગાંધીનગર, તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા, મહેસાણા જિલ્લાના કડી તાલુકાના લ્હોર અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામે દલિત યુવકના લગ્નના વરઘોડાને તેમજ ઘોડા પર બેસવાને લઈ અનેક પ્રશ્નો સર્જાયા છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસે આવી કોઈ ઘટના કે અણ બનાવ ન બને તે માટે ખાસ પગલા લેવાની શરુઆત કરી છે. ગાંધીનગર જિલ્લા એસપી મયુર ચાવડાએ જિલ્લાના જવાબદાર પોલીસ અધિકારીઓને પોતાના વિસ્તારમાં ખાસ તકેદારી રાખવા માટે સુચના આપી દીધી છે. જેમાં આ પ્રકારની કોઈ ઘટના બને જ નહીં તે માટે આગોતરુ આયોજન કરી લેવા માટે કહેવામાં આવ્યું છે. જેમાં બધી જ્ઞાતિ વચ્ચે સુમેળભર્યુ વાતાવરણ બની રહે તે માટે અધિકારીએ જાતે જ ગામની મુલાકાત લેવાની અને પોતાના વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ ગોઠવી દેવા માટે જણાવ્યું છે. તો બીજીતરફ દરેક ગામની મુલાકાત લઈને દરેક જ્ઞાતિના આગેવાનો સાથે મળીને કોઈ પ્રશ્નો હોય તો સ્થળ પર જ નિરાકરણ લાવવા માટે સુચના આપવામાં આવી છે. જયારે સોશિયલ મિડીયામાં વાયરલ થતા દરેક મેસેજ સાચા ન હોવાનું નાગરીકોને સમજાવવામાં આવશે. જયારે દરેક ગામના પ્રતિષ્ઠીત અને સારા આગેવાનના સીધા સંપર્કમાં રહેવું અને નાનામાં નાનો બનાવ પણ ન બને તે માટે તકેદારી રાખવા જણાવ્યું છે.તો બીજી તરફ આ પ્રકારના બનાવો અગાઉ જે ગામોમાં બન્યા હોય તે ગામમાં વધુ કાળજી રાખવી અને સખત પેટ્રોલીંગ ગોઠવી નાના બનાવનું પણ તાત્કાલીક નિરાકરણ લાવી સમયાંતરે ઉપરી અધિકારીને વાકેફ કરવા પણ સુચના અપાઈ છે.

# મેડીકલ કોલેજના ઓડીટોરીયમ ખાતે નર્સિંગ ડે ઉજવાયો




ગાંધીનગર, તા.૧૩

જીએમઈઆરએસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ગાંધીનગરના નર્સિંગ સ્ટાફના કર્મચારી ભાઈ-બહેનો દ્વારા તા. ૬ થી ૨ દરમિયાન દબદબાભેર નર્સિંગ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંગીત ખુરશી, લીંબુ ચમચી, પાસીંગ પીલો, મેમરી ગેમ, રકતદાન કેમ્પ, કર્મચારી ભાઈ-બહેનોની ક્રિકેટ મેચ સહિત વિવિધ સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ યોજાયા હતા. નર્સિંગ ડેની ઉજવણીમાં ૧૦૦થી વધુ કર્મચારીઓએ વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે જીએમઈઆરએસના સીઈઓ આર. દિક્ષિત, જીએનએલના રજીસ્ટ્રાર પ્રજ્ઞાબોન ડાભી, ડે. સી.ઈ.ઓ ડૉ. બિપિન નાયક, મેડીકલ કોલેજના ડીન ડૉ. શોભના ગુપ્તા, સિવિલના તબિબિ અધિક્ષક ડૉ. નિયતિ લાખાણી સહિત સાત મેડીકલ કોલેજના મેટર્ન, ૧૦થી વધુ નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ અને ૭૦૦ જેટલા કર્મચારીઓએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો.

# ઝુંડાલ નર્મદા કેનાલમાંથી પુરૂષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આંતરે દિવસે મૃતદેહ મળી આવે છે. નાગરીકો સામાન્ય વાતમાં કેનાલમાં કુદીને જીંદગી ટુંકાવી દે છે. ત્યારે ગાંધીનગર પાસેના ઝુંડાલ નજીક આવેલ નર્મદા કેનાલમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો છે. સવારના અગીયાર વાગ્યાના અરસામાં અમદાવાદના રહીશ કેનાલ પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે તેમની નજર મૃતદેહ પર પડતા પોલીસને જાણ કરી હતી. અડાલજ પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચીનો મૃતદેહને બહાર નીકાળતા અંદાજે ૩૦ થી ૩૫ વર્ષના પુરૂષનો મૃતદેહ હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. મૃતદેહ પાસેથી પોલીસને કોઈ આધાર કે પુરાવા ન મળતા પોલીસે મૃતકની ઓળખ સાથે તેના વાલી વારસોની શોધખોળ શરુ કરી છે.

# બોરીજમાં મકાન ભાડે આપી પોલીસને જાણ નહી કરનાર બે સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૩માંથી પાંચ કાશ્મીરી યુવકોને મકાન ભાડે આપી પોલીસને જાણ ન કરનારા માલિક સામે ગુનો નોંધાયો છે. ત્યારબાદ બોરીજમાં પણ બે મકાન માલિકો કાયદાનો ગાળીયો ફસાયો છે. ગાંધીનગર એસઓજી પીએસઆઈ જે.આર.કરોતરાએ પોતાની ટીમ સાથે બોરીજ વિસ્તારમાં બાતમીના આધારે તપાસ શરુ કરી હતી. જેમાં બોરીજના શૈલેન્દ્રસિંહ દિલીપસિંહ રાઠોડે પોતાની ઓરડી છેલ્લા એક વર્ષથી ભાડે આપી હતી તેમ છતા પોલીસને જાણ કરી ન હતી. તો બીજીતરફ બોરીજના ભુપેન્દ્રસિંહ ભીખાભાઈ રાઠોડે પોતાની ઓરડી છેલ્લા પાંચ વર્ષથી ભાડે આપી હોવા છતા આજદિન સુધી પોલીસને જાણ કરી નથી. જેથી એસઓજી પોલીસે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ ઈપીકો કલમ ૧૮૮ મુજબ ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસે બોરીજના બંને મકાન માલિકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આદિશ્વર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા બે દિવસીય મહોત્સવ યોજાયો




ગાંધીનગર, તા.૧૩

શ્રી આદિશ્વર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનસંઘ ગાંધીનગર દ્વારા પ્રથમ તિર્થંકર આદિનાથ પરમાત્માના જિનાલયની ૧૬મી સાલગીરી નિમિત્તે યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં ચંદ્રશેખર વિજયજી મ.સાના પટ્ટધર હંસકીર્તીસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય રાજહંસવિજયજી મ.સા.ના સાંનિધ્યમાં અઢાર અભિષેક તથા સત્તર ભેદી પૂજા સહિત બે દિવસીય મહોત્સવ યોજાયો હતો. જેમાં ચઢાવો બોલાવીને મૂળનાયક આદિત્યનાથ પરમાત્માને ધજા ચઢાવવાની પરંપરાને આગળ વધારતા ધજા ચઢાવવામાં આવી હતી તથા બે દિવસીય મહોત્સવમાં પ્રભાતિયા અઢારઅભિષેક, સત્તરભેદી પૂજા, સમૂહ આરતી અને રાત્રે ભાવના કરવામાં આવી હતી.

# સિવિલની ૯ નંબરની લીફ્ટ ૪ દિવસથી બંધ

## પાણી ભરાઈ જવાની સમસ્યા ફરીવાર સામે આવી, સમારકામ પછી એકમાસમાં લીફટમાં પાણી ભરાતા પીઆઈયુ તંત્રમાં દોડધામ મચી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની નવી બિલ્ડીંગના ભોંયતળીયે ઈલેકટ્રીક રૂમ અને લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યા હતી. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે ઉચ્ચકક્ષાએ રજુઆત કરાઈ હતી. ત્યારબાદ કાયમી નિરાકરણના ભાગરુપે સિવિલમાં એક દિવસ એક સાઈડનો વિજપુરવઠો બંધ કરી દર્દીઓને સામેની બાજુએ ખસેડ્યા હતા. ત્યારબાદ પીઆઈયુ વિભાગના અધિકારીઓ દ્વારા ફોલ્ટ શોધી કાઢ્યો છે અને સમારકામ કરાયું હતું. ત્યારે હવે પાણી નહી આવે અને નહી ભરાય તેવું કહેવામાં આવી રહ્યું હતું. ત્યારે મળતી માહિતી મુજબ માત્ર એક માસના ટુંકા ગાળામાં જ પાણી ભરાઈ જવાની સમસ્યા સામે આવી છે. નવી બિલ્ડીંગના ભોંયતળીએ આવેલી લીફટ નં.૯ છેલ્લા ચાર દિવસથી બંધ કરવામાં આવી છે. બે દિવસ અગાઉ પણ મોટર મુકીને પાણી નીકાળ્યા બાદ પાણી આવતા લીફટ બંધ કરાઈ છે. જયારે બીજી લીફટ કે ઈલેકટ્રીક રૂમમાં પાણી ભરાયાની કોઈ સમસ્યા સર્જાઈ નથી માત્ર એક લીફટમાં જ સમસ્યા સર્જાઈ છે. ત્યારે હવે પીઆઈયુ તંત્ર માંડ પગ વાળીને બેઠું હતું. ત્યા ફરી પાણીની સમસ્યા આવતા પીઆઈયુ વિભાગમાં દોડધામ મચી જવા પામી છે. પીઆઈયુની બહારથી આવેલી ટીમના નિષ્ણાંત એન્જીનિયરો દ્વારા ખાતરી અપાઈ હતી કે હવે ફરીવાર પાણી નહી ભરાય, પરંતુ પાણીની સમસ્યાને લઈ તે પણ મુંઝવણમાં મુકાઈ ગયા છે. ત્યારે પાણી માટે દર્દીઓના પોંકાર સિવિલમાં ઉઠી રહ્યા છે ત્યારે લીફટમાં પાણી કયાંથી આવે છે તેવી વાતો સિવિલ કેમ્પસમાં ચર્ચાઈ રહી છે.